| | | |
|---|---|---|
| GUJARAT POLICE | **પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.**<br>**પોલીસ ભવન, અઠવાલાઈન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧**<br>**વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦**<br>**કંટ્રોલ રૂમ ફેક્સ નં. ૦૨૬૧ - ૨૨૪૧૩૦૪**<br>**e-mail : special.cp.sur@gmail.com** | स्वच्छ भारत<br>एक कदम स्वच्छता की ओर |


## :- જાહેરનામું :-

**::ફોજદારી કાર્યકરીતી અધિનીયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::**

**ક્રમાંક : એસ.બી./ નો ડ્રોન ફ્લાય ઝોન /૩૫/૨૦૨૪**

આગામી તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ ભારતના માનનીય વડાપ્રધાન નાઓ સુરત શહેર ખાતે પધારનાર છે. તથા અન્ય મહાનુભાવો પધારનાર છે. જેથી તેઓની સુરક્ષા તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ અમુક પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઇ.પી.એસ.) I/C પોલીસ કમિશ્નર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ સમયે વિદેશી મહેમાનો તથા અન્ય મહાનુભાવશ્રીનાઓની સલામતીને ધ્યાને લઇ સુરત શહેરના નીચે જણાવેલ વિસ્તારોમાં "નો ડ્રોન ફ્લાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઇક્રો લાઇટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઇડર/ પેરાગ્લાઇડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઇ ફરમાવું છું.

**-:અપવાદ :-**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

**-:વિસ્તાર :-**

શન શાઇન ગ્લોબલ હોસ્પિટલ-પીપલોદ,મહાવીર કાડીયાર્ક હોસ્પિટલ-અઠવા, નવી સિવિલ હોસ્પિટલ , ભગવાન મહાવીર કોલેજ -અલથાણ ,સચીન પો.સ્ટે,ONGC ગેસ્ટ હાઉસ ,પોલીસ કમિશનરશ્રી ની કચેરી તથા સુરત એરપોર્ટ આજુબાજુના ૦૨ કિલોમીટર સુધીનો વિસ્તાર.

**:: અમલવારીનો સમય :**

આ હુકમ તા.૨૨/૦૨/૨૦૨૪ ના કલાક:-૦૦/૦૦ થી તા.૨૨/૦૨/૨૦૨૪ ના કલાક:- ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને -૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, આથી એક તરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે

પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૧/૦૨/૨૦૨૪ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.




<u>પ્રતિ,</u>
(૧) સયુંક્ત પોલીસ કમિશ્નરશ્રી- સેક્ટર ૧ તથા ટ્રાફિક ,સુરત શહેર
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી- ક્રાઇમ તથા ૨,સુરત શહેર
(૩). નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).
<u>સવિનય નકલ રવાના</u> :-
(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર,વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી  સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટેં.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશ ન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)